ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

૧૭/૦૯/૨૦૨૧

પ્રેસનોટ

શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણી એકેડેમીક ચેર (જ્ઞાનપીઠ) નો ગુજરાત યુનિવર્સિટી ખાતે શુભારંભ કરાયો.
પત્રકારત્વનો ખાસ ડિપ્લોમા અભ્યાસક્રમ અને "સમાંતરનું પત્રકારત્વ" ડો. આરતી પંડ્યા લિખિત પુસ્તકનું લોકાપર્ણ

ગુજરાત યુનિવર્સિટીના બોટની ઓડિટોરિયમ ખાતે આજરોજ ગુજરાતના ખ્યાતનામ કવિ, સ્વાભિમાની અને ભારતના સપૂત આંતરરાષ્ટ્રીય પત્રકાર શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણીજીના ૧૧૦માં જન્મદિન નિમિત્તે તેઓશ્રીના જીવન કાર્ય, સાહિત્ય અને રાષ્ટ્રભકિતને સતત જીવંત રાખવા આઝાદીના અમૃત મહોત્સવ પર્વે "શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણી" એકેડેમીક ચેર (જ્ઞાનપીઠ)નો તેઓ શ્રીના પરિવારના (ભત્રીજા) શ્રી મયુર શ્રીધરાણીજી અને શ્રી અમરશ્રીધરાણીજી (પુત્ર)ની ઉપસ્થિતિમાં અને પદ્મશ્રી ડો. વિષ્ણુ પંડ્યા, કુલપતિશ્રી ડો. હિમાંશુ પંડ્યા અને ઉપ કુલપતિશ્રી ડો. જગદીશ ભાવસારની વિશેષ ઉપસ્થિતિમાં પ્રારંભ કરવામાં આવ્યો હતો. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડો. હિમાંશુ પંડ્યાએ આ પ્રસંગે પ્રાસંગિક પ્રવચન કરતાં જણાવ્યુ હતું કે અમેરિકાની ભૂમિ પર રહીને ભારત ભક્તિને ઉજાગર કરનાર શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણીના પરિવારે આખાયે રાષ્ટ્રમાં ગુજરાત વિશ્વ વિધાલયને તેઓશ્રીના કાર્યને યાદ કરવા જ્ઞાનપીઠ સ્થાપવા પસંદ કરી તે બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી અને ગુજરાત વિશ્વ વિધાલય તેઓશ્રીની ભારત ભક્તિને યુવાનોમાં પ્રસરાવવાં માટે કાર્ય કરશે તેવી ખાતરી આપી હતી. આ પ્રસંગે તેઓશ્રીને બદલાઇ રહેલાં સમાચાર પ્રસારની જરૂરિયાતને સાંકળીને પત્રકારત્વનો ખાસ ડિપ્લોમાં પ્રારંભ કરવાની જાહેરાત કરી હતી.

શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણીના ભત્રીજા શ્રી મયુરશ્રીધરાણીજીએ અને પુત્ર અમરશ્રીધરાણીજી એ શ્રીકૃષ્ણલાલ શ્રીધરાણીના જીવનના અનેક પાસાઓ પરત્વે જાણકારી આપી હતી.

આજના કાર્યક્રમમાં ત્રિવેણી સંગમ રચાયો હતો. ડો. આરતી પંડ્યા લિખિત "સમાંતરનું પત્રકારત્વ" પુસ્તકનું વિમોચન મહાનુભાઓએ કર્યુ હતું પુસ્તકની પ્રસ્તાવના કવિયત્રી ડો. ઉષાબેન ઉપાધ્યાયે કરી હતી.

ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ તેમજ ઇતિહાસકાર ડો.વિષ્ણુ પંડયાએ ગુજરાતના બે સપૂત એક શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણી કે જેમને અમેરીકામાં રહીને ભારતની ભવ્યતા અને સાંસ્કૃતિક વિરાસતને અખબાર પ્રારંભ કરી ઉજાગર કરી હતી તેવાં જ પંડિત શ્યામજીકૃષ્ણ વર્માએ ઇંગ્લેન્ડની ભૂમિ પર ઇંડિયા હાઉસ અને ઇન્ડિયનશોસિયોલોજીસ્ટ અખબારના માધ્યમથી આઝાદીની ચળવળને વેગવંતી કરી હતી તેનું સ્મરણ કરી ગુજરાત યુનિવર્સિટીને કાર્યક્રમની ત્રિવેણી યોજવા બદલ અભિનંદન અને આશિર્વાદ આપ્યા હતા. ગુજરાત યુનિવર્સિટીની વધી રહેલી શાખને વધારે આગળ ધપાવવા અનુરોધ કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમમાં સાહિત્યકારો, પત્રકારો, અધ્યાપકો, છાત્ર-છાત્રાઓ જોડાયા હતા.

કાર્યક્રમની અભારવિધિ ગુજરાત સાહિત્ય અકાદમીના ડો. જયેન્દ્રસિંહ જાદવે કરી હતી.